ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# આખરે ગાંધીનગરના બજારમાં કેરી આવી પહોંચી

## હાફુસનો માલ વધુ આવતા ભાવો નીચા ઉતર્યા : કેસર કેરીની આવક ચાલુ થતાં કેરીના રસીયાઓ ખુશખુશાલ

ગાંધીનગર, તા.૧૧

ફળોના રાજા ગણાતી કેરીએ દિવસોની રાહ જોવડાવ્યા બાદ દેખા દીધી છે. સીઝનની શરૂઆતમાં જ માવઠુ અને વાવાઝોડું ફુંકાતા કેરીના પાકને નુકશાન થયું હતું. આ વર્ષે પાક ઓછો થતાં હમણાં સુધી બજારોમાં કેરીઓ દેખાતી ન હતી. આખરે હવે મે માસના બીજા સપ્તાહમાં કેરીઓનું આગમન બજારોમાં થયું છે. ગુજરાતીઓને અત્યંત પ્રિય એવી કેસર કરી બજારોમાં મળતી થઈ ગઈ છે. જો કે હજુ ભાવ થોડાક ઉંચા છે પરંતુ જેમ જેમ આવક વધતી જશે તેમ તેમ ભાવો ઓછા થતા જશે.



ઉનાળાના દિવસોની રાહ કેરીના કારણે જ જોવાય છે તેવું કહીએ તો જરાય ખોટું નથી. ઉનાળાના આકરા દિવસોમાં કેરીનો મધમીઠો રસ જ ઠંડક પહોંચાડે છે. આ વર્ષે કેરીની સિઝનની શરૂઆતમાં જ ગુજરાતના ઘણા ભાગોમાં વાવોઝોડું ફુંકાયું હતું. કેટલાક સ્થળોએ માવઠું પણ પડયું હતું. વાતાવરણમાં અચાનક આવેલા પરિવર્તનના કારણે મોર ખરી પડયા હતા અને પાકને ખુબ નુકશાન પહોંચ્યું હતું. સતત બદલાઈ રહેલા વાતાવરણની વચ્ચે છેક હવે કેરીઓ બજારમાં દેખાવા માંડી છે. બદામ કેરી તો છેલ્લા ઘણાં દિવસોથી મળી રહી છે પરંતુ તે પણ મોંઘી છે અને તેનો સ્વાદ ગુજરાતીઓને જચતો ન હોવાથી તેની ખરીદી ખુબ ઓછી થતી હતી. હાફુસ કેરી મળતી હતી પરંતુ તેનો ભાવ ખુબ ઉંચો હતો. હવે મહારાષ્ટ્ર અને વલસાડની હાફુસ કેરીની આવકો વધવા માંડતા તેનો ભાવ હજાર રૂપિયાથી નીચે ઉતર્યો છે. તેની સાથે જ હવે ગાંધીનગરના બજારોમાં કેસર કરી દેખાવા માંડી છે. હમણાં સુધી છુટી છવાઈ કેસર મળતી હતી પરંતુ તેનો ભાવ તો ઉંચો હતો જ પરંતુ સાથે જ તેની ગુણવત્તા નીચી હોવાથી કેરીના રસમાં મજા પડતી ન હતી હવે વલસાડ ઉપરાંત સૌરાષ્ટ્રના ઘણા ભાગોમાંથી કેસર કેરીની આવકો થવા માંડતા કેરીઓ બજારમાં મળતી થઈ છે. કેરીના બોકસનો ભાવ હાલમાં ૬૦૦ રૂ. છે પરંતુ જે જેમ વધુ આવક થશે તેમ તેમ ભાવો ઘટતા જશે અને કેરીઓનો સ્વાદ સામાન્ય જન સુધી પહોંચી શકશે. સૌરાષ્ટ્રના તલાલા અને વંથલી પંથકની કેરીઓની હરાજી હજી હવે શરૂ થઈ છે. વેપારીઓના જણાવ્યા અનુસાર આગામી અઠવાડિયે બોકસની આવક વધશે. કેરીની સીઝન મોડી શરૂ થતા હવે માંડ એકાદ મહિનો જ કેસર કેરીનો સ્વાદ માણી શકાશે. વરસાદ શરૂ થતા કેસરની આવક સાવ ઓછી થઈ જશે તે પછી ઉત્તર ભારતની કેરીઓ બજારમાં મળતી થશે.



ગાંધીનગર કોર્ટમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં વકીલોએ આક્રમકતાથી મતદાન કર્યું હતું. વહેલી સવારથી લાઈનો લગાડી વકીલોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. **(તસવીર : દિપક જાની)**

# બાર કાઉન્સિલની ચૂંટણીમાં ૯૬.૯૩ ટકા જંગી મતદાન

## ડિસ્ટ્રીકટ કોર્ટના બાર રૂમમાં મતદાનની પ્રક્રીયા હાથ ધરાઈ : ચૂંટણી શાંતિપૂર્ણ રીતે સંપન્ન

ગાંધીનગર, તા.૧૧

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્યોની આજે યોજાયેલી ચૂંટણીમાં ડિસ્ટ્રીકટ કોર્ટના બાર રૂમમાં મતદાનની પ્રક્રીયા યોજવામાં આવી હતી. શહેરના ૧૫૬૮ પૈકી ૧૫૨૦ વકીલોએ મત આપતા ૯૬.૯૩ ટકા જટલું ઉંચુ મતદાન થયું હતું.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્યોની ચૂંટણી સંદર્ભે ગાંધીનગર ડિસ્ટ્રીકટ કોર્ટમાં આજે સવારથી જ વકીલ આલમમાં ચૂંટણીલક્ષી ઉત્તેજના જોવા મળી હતી. કોર્ટના બાર રૂમમાં સવારે ૧૦ કલાકથી મતદાનની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. આ ચૂંટણીમાં શહેર અને જિલ્લાના ચાર વકીલોએ ઉમેદવારી નોંધાવી હોવાથી કોર્ટ સંકુલના વકીલોએ પણ સવારથી ઉત્સાહપૂર્વક મતદાન કર્યુંહતું. સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી હાથ ધરાયેલી મતદાનની પ્રક્રીયા દરમિયાન શહેરના ૧૫૬૮ પૈકી ૧૫૨૦ વકીલોએ શાંતિપૂર્વક મતદાન કર્યુંહતું. જેમાં ટ્રાન્સફર ઓર્ડર સાથેના ૬ મતદારોનો પણ સમાવેશ થાય છે. જો કે બપોરે આક્રમક ગરમીના લીધે મતદાનની કાર્યવાહી ધીમી પડી ગઈ હતી. ચૂંટણીને અનુલક્ષી પોલીંગ ઓફિસર તરીકે ગજેન્દ્રસિંહ કે. રાઠોડને જવાબદારી સોંપવામાં આવી હતી. જયારે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા ઓબર્ઝવર તરીકે ગૌરાંગભાઈ ભટ્ટ સહિત બે ને ફરજ સોંપાઈ હતી. બાર કાઉન્સિલના સભ્યોની આ ચૂંટણીમાં ગાંધીનગર કોર્ટના વકીલ ધર્મેન્દ્ર રાવલ, બી.આર. શર્મા, વકીલ કરણસિંહ વાઘેલા સહિત જિલ્લામાંથી ચાર વકીલોએ ઉમેદવારી નોંધાવી હોવાથી સ્થાનિક વકીલો માટે પણ આ ચૂંટણી પ્રક્રીયા રસપ્રદ બની હતી. આગામી તા. ૧૪ મે ના રોજ કાઉન્ટીંગની કાર્યવાહી શરૂ થશે.

## ખૂણે ખાંચરેથી

● જિલ્લા પંચાયતમાં આજે હેલ્થ સુપરવાઈઝરોની સામુહિક બદલીના હુકમો કરવામાં આવ્યા છે. ● આજે યોજાયેલ બાર એસો.ની ચૂંટણીમાં ગાંધીનગરના વકીલોએ મતદાનમાં ભારે ઉત્સાહ દાખવ્યો હતો. ● ગાંધીનગર સિવિલના તેમજ મેડીકલ કોલેજના ઘણા તબીબો વેકેશન માણી રહ્યા છે. ● ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની આજે સંકલન સમિતિની બેઠક મળી હતી. આ બેઠક બે કલાક ચાલી હતી. ● આજે આણંદ ખાતે આરોગ્ય વિભાગના અધિકારીઓની ચિંતન શિબિર યોજાઈ હતી.

## કારમાં દારૂની ૭ બોટલો સાથે એકને પોલીસે ઝડપ્યો

### કોર્ટ કમ્પાઉન્ડ પાછળના મેદાનમાં કારમાંથી દારૂ પકડાયો

ગાંધીનગર, તા. ૧૧

સે. ૭ પોલીસે ગઈકાલે સાંજે ડિસ્ટ્રીકટ કોર્ટ પાછળના મેદાનમાં પાર્ક થયેલી સેન્ટ્રો કારમાંથી ૭ નંગ દારૂની બોટલ સાથે એક વકીલની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સે. ૭ પોલીસે ગઈકાલે સાંજે ડિસ્ટ્રીકટ કોર્ટના પાછળના ભાગમાં સ્થિત મેદાનમાં તપાસ કરતા શકમંદ માલુમ પડેલી સેન્ટ્રો કાર નં. જીજે-૧૮-એ.એમ.-૨૧૫૧માં તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન કારમાં ૭ નંગ જેટલી દારૂની બોટલો મળી આવતા ચોંકી ઉઠેલી પોલીસે આરોપી કુલદીપ દેવેન્દ્ર શર્માની ધરપકડ કરી હતી. અંદાજિત રૂ. ૨૧૦૦ની દારૂની બોટલો સાથે એકને ઝડપી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે સે. ૭ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ઉત્તમ બારોટે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ...ને સેકટર-૨૪માંથી સમયસર સ્પીપા પહોંચવા નિકળેલા પ્રવીણચંદ્ર જોશી પરમધામ પહોંચ્યા

## ઘ-૫ પાસે જ છાતીમાં દુઃખાવો થતાં દીકરીને ફોન કરી બોલાવી પરંતુ સીવીલ હોસ્પિટલ પહોંચતાં-પહોંચતાં જ અંતિમ શ્વાસ લીધો

ગાંધીનગર, તા. ૧૧

માણસ કયાં જવા ઈચ્છે છે ને કયાં જતો રહે છે ! તે હું કે તમે જાણી શકયા નથી. કે જાણી શકવાના નથી. નિયતિના કાળચક્રમાં માણસ કયાંય ખોવાઈ જાય છે. એક પંક્તિ છે ને કે, 'ક્ષણે ક્ષણે જીવે છે માનવી, પળે-પળે દીપે છે માનવી, કુદરતના ભેદને ન જાણનાર આજે, કુદરતની પાસે પહોંચે છે માનવી' ઈશ્વરે સર્જેલી આ દુનિયામાં દરેક માનવ અનેક લાગણીઓના રંગો સાથે અવતરે છે ને પાછો કાળની થપાટે કયાંય ખોવાઈ જાય છે. વિશ્વ નિયંતાની અજબ કરામતને કોઈ પામી શકયું નથી, માપી શકયું નથી ! માણસ હંમેશા સમયની સાથે ચાલવા પ્રયત્ન કરે છે, દોડે છે. પણ ઘરેથી સાંજે પાછા આવવાની ઈચ્છા રાખતો માણસ કયારેક નિયતિના દરબારમાં પહોંચી જાય છે. કહે છે ને કે,

અવિરત યુદ્ધ જેવુ છે સમય ને માનવી વચ્ચે,
ઊઠે છે પ્રશ્ન કે કોના ઉપર કોની સવારી છે ?

જી.બી. પટેલની આ પંક્તિ અત્યારે એટલા માટે યાદ આવે છે કે, માનવ જીવન કુદરતના કાળ ચક્રમાં કયારે, કયાં, કેવી રીતે ? સપડાઈ જાય છે તે જાણી શકાતુ નથી. સમજી શકાતું નથી. નિયતિની ક્રૂર થપાટ માનવ જીવનને કયારેક અસહ્ય વેદનાઓથી ભરી દે છે. આવી જ એક ઘટના

**અવિરત યુદ્ધ જેવુ છે સમય ને માનવી વચ્ચે, ઊઠે છે પ્રશ્ન કે કોના ઉપર કોની સવારી છે ?**

● અનુસંધાન પાન-૬ પર

## બેસણું



મારા ધર્મપત્ની **હસુમતિબેન લાલશંકર મહેતાનું** તા. ૧૧-૫-૧૨ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૨-૫-૨૦૧૨ને શનિવારના રોજ સાંજે ૫-૦૦ થી ૭-૦૦** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન :** પ્લોટ નં. ૪૯૪/૨, સેક્ટર-૭/બી, ગાંધીનગર.

લિ.
લાલશંકર જયશંકર મહેતા
પરમાનંદ જયશંકર મહેતા
જીતેન્દ્ર જયશંકર મહેતા

## આજે રકતદાન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા તા. ૧૨ મે ના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સિવિલ હોસ્પિટલ ખાતે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તેમ શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે જણાવ્યું છે.




# કચેરીઓમાં સફાઈ માટે અંશકાલીન કર્મચારીઓની મુદત લંબાવાઈ

ગાંધીનગર, તા. ૧૧

અંશકાલીન કર્મચારીઓની ભરતી બંધ થતાં સરકારી કચેરીઓમાં સફાઈ અને પીવાના પાણીની વ્યવસ્થા માટે અંશકાલીન કર્મચારીઓની મુદત ૩૧-૫-૨૦૧૨ સુધી લંબાવવામાં આવી છે.

રાજ્યના વહીવટી વિભાગો ખાતાના વડા કચેરીના વડાને અપાયેલી સત્તાઓ નાણા વિભાગે વર્ષ ૨૦૦૬માં પરત ખેંચી લેવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૬ પર


## પ્રાર્થનાસભા

અબ્બાસભાઈ, ફાતેમાબેન અને નફીસાના માતૃશ્રી **શીરીનબેન આદમભાઈ ખલીલ** (કપડવંજવાળા)નું તા. ૭-૫-૨૦૧૨ સોમવારના રોજ અવસાન થયેલ છે. તેઓના આત્માને શાંતિ આપવા માટે **પ્રાર્થનાસભા તા. ૧૩-૫-૨૦૧૨ને રવિવારના રોજ સવારે ૮-૩૦ થી ૧૦-૩૦ કલાકે** રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૧૨૩૯/૧, સેકટર-૭/ડી, ચૌધરી સ્કૂલની સામે, ગાંધીનગર.
ફોન નં. : ૦૭૯-૨૩૨૨૪૩૩૦ ● મો. : ૮૧૨૮૯૯૪૫૮૬

**હિમાંશુ ધર્મદર્શી    ભાવેશ એરડા**
**સુકેતુ મહેતા**
**અને મિત્ર મંડળ**




## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૩-૫-૧૨, રવિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૨૩,

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

TMT BARS - ISI
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com